## પોરબંદરના મહેરબાન ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં

## મુ. પોરબંદર.

આંક. :-

**ફરિયાદી :- નામદાર સરકાર**

**વિ રૂ દ્ધ**

**આરોપી :- ભાવેશ દેવજીભાઇ બામણીયા**

**ગુન્હો** :ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧) બી તથા એમ.વી.એક્ટની કલમ ૧૮૫ મુજબ..

(૧) આ કામે ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી વિરૂદ્ધ ધી ગુજરાત (બોમ્બે) પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)બી તથા એમ.વી.એક્ટની કલમ ૧૮૫ મુજબનો ગુન્હો કરેલ હોવાની ફરિયાદ ફરિયાદીએ નોંધાવેલી. જે અનુસંધાને અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ત્યાર બાદ આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલ અને તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૩૦ મુજબ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યાર બાદ આજરોજ આરોપીએ પોતાની સામેના ગુન્હા અંગેની કબુલાત પુરશીશ રજુ કરેલ છે અને તેમાં આરોપીએ પોતાની સામેનો ઉપરોક્ત આક્ષેપિત ગુન્હો કબુલ કરેલ છે. આરોપી પોતાની ગુન્હા કબુલાતમાં જણાવે છે કે, તેમની સામેનો આ પ્રથમ ગુન્હો છે. જે અજ્ઞાનતાના કારણે થયેલ છે. હવે પછી આવા ગુન્હા નહી કરવાની બાંહેધારી આપે છે. પુરશીશમાં

દયાની મંગણી કરેલ છે. જેથી આરોપીની આ સ્વૈચ્છીક કબુલાતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૨૬૪ અન્વયે આરોપીને ગુજરાત (બોમ્બે) પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)બી તથા એમ.વી.એક્ટની કલમ ૧૮૫ મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી રૂા.૨૦૦૦/- (અંકે રૂપીયા બે હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન-૩ (ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે નોન વેલ્યુએબલ મુદામાલ કબ્જે કરવામાં આવેલ હોય તો તેનો અપીલ સમય વિત્યા બાદ નીયમઅનુસાર નીકાલ કરવો તથા વેલ્યુએબલ મુદામાલ અંગે વચગાળાનો હુકમ કાયમ ગણવો અન્યથા મુદામાલની માલીકીની ખરાઈ કરી મુળ માલીકને પરત સોંપવો.

હુકમ આજ તા.૨૫ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૫/૦૩/૨૦૨૬**
**સ્થળ : પોરબંદર.**

**કુનાલ રાજેશભાઈ રાઠોડ**
**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**પોરબંદર.**
**(કોડ નં. જી.જે.૧૧૨૯)**